શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૩ અંક : ૧
જાન્યુઆરી : ૨૦૨૧

વંદુ સહજાનંદ ચરન રજ, તીરથ સકલ નિવાસ હો;
મંગલ ધામ કામ સબ પૂરન, કરત અમંગલ નાસ હો...

નૂતન ઠાકોરજીનું રસોડું તથા સંતભોજનાલયની ખાતવિધિ કરતા સદ્‌ગુરુ સંતો, અમદાવાદ ગુરુકુલ

મકરસંકાતિ પર્વે હનુમાનજી મહારાજને ધરાવેલ અન્નકૂટ, દ્રોણેશ્વર

મકરસંકાતિ પર્વે ગૌપૂજન કરતા સદ્‌ગુરુ સંતો, SGVP

ધનુર્માસ કથા પૂર્ણાહૂતિ પ્રસંગે વક્તાશ્રીનું પૂજન, SGVP

પોલીસ ક્રિકેટ ટૂર્નામેન્ટ પ્રસંગે ઉપસ્થિત I.G., S.P., રીબડા ગુરુકુલ

શિયાળાની ઠંડીમાં દરિદ્રનારાયણને બ્લેન્કેટ વિતરણ કરતા પૂજ્ય સ્વામીજી, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા તથા સ્વયંસેવકો

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક
પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૩, જાન્યુઆરી : ૨૦૨૧, અંક : ૦૧

પ્રકાશક તથા માલિક : ૫.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ-૫૨
તંત્રી : પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

છૂટક અંક : રૂા. ૫/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

SwaminarayanGurukul
GurukulParivar
www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

પૂર્વ દેશ કે હમ વાસી...

પૂર્વ દેશ કે હમ વાસી,
જાને સોઈ જો સદ્‌ગુરુ સેવે,
વચનમેં અચલ નિવાસી...
જો આવે સોઈ અતિ સુખ પાવે,
કબઉ ન હોત ઉદાસી;
જનમ મરણ વા દેશ મેં નાહિ,
ચિદાનંદ સુખરાશી...
એહી દેશ મેં લેશ ન માયા,
અવિનાશી તહાં કાશી;
તરવેણી પુનિ પ્રાગરાજ તહાં,
મુક્તિ ચતુરધા દાસી...
દેશ અલૌકિક રહસ્ય અલૌકિક,
ઉર મેં રહ્યો હે પ્રકાશી;
દાસ મુકુંદ પાય ગુરુ પૂરા,
ઉર કી ભ્રાંતિ વિનાશી...

ઉપાસનાનું અમૃત

- સ્વામી માધવપ્રિયદાસ

આસન શબ્દની સાથે 'ઉપ્' ઉપસર્ગ લાગવાથી ઉપાસના શબ્દ બન્યો છે. ઉપાસના એટલે એકરસ, એકરૂપ થઈને શ્રીહરિની નજીક બેસવું. સંકલ્પ-વિકલ્પના તમામ પડદાઓ હટાવીને શ્રીહરિનાં ચરણોમાં સંપૂર્ણ સમર્પિત થવું.

વેદ, ઉપનિષદો તથા વચનામૃત કહે છે : જેમની તમે પૂજા-પ્રાર્થના કરો છો એનો મહિમા જાણવો જરૂરી છે. એ કોણ છે ? કેવા છે ? વગેરેનું જ્ઞાન મેળવવું તે ઉપાસના.

શરીરમાં જેટલું મહત્વ મસ્તકનું છે, સાધનામાં એવું જ મહત્વ ઉપાસનાનું છે. મસ્તક કપાય તો જિવાય નહીં; એ જ રીતે ઉપાસના વિના સાધના પૂર્ણ થતી નથી.

વચનામૃત ગ.પ્ર. ૪૦મા ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉપાસના અને ભક્તિનો સ્પષ્ટ ભેદ કહ્યો છે, "નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા તેને ભક્તિ કહીએ. અને ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તોપણ તે નિષ્ઠા જાય જ નહિ અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તોપણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ, એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ."

વચનામૃત ગ.અં. ૩૮મા ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉપાસનના વિવિધ અંગોને સ્પષ્ટ કર્યા છે. મહારાજ કહે છે, "એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે ને તમારી સેવાને અંગીકાર કરે છે...અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે."

આમાં પણ ભગવાનને સદા સાકાર સમજવા અને સ્વામી-સેવક ભાવે ભજવા એ વાત વધારે મહત્વની છે.

મહાસાગરને મળવું એ સરિતાનું મુખ્ય ધ્યેય છે. કેટકેટલા અથાગ પ્રયત્નો કરીને ઊંચા પર્વતોની કોતરોને વીંધીને, માર્ગમાં આવતા અનેક અવરોધોને પાર કરીને સરિતા સાગરને મળે છે, ત્યારે સરિતાના અસ્તિત્વની સાર્થકતા સિદ્ધ થાય છે.

એ જ રીતે સાધકની ઉપાસના રૂપી સરિતાનું વહેણ પણ ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રીહરિની મૂર્તિ તરફ હોવું જોઈએ.

સાધકની ઉપાસના સરસ્વતી નદીની જેમ કુંવારી રહેવી ન જોઈએ. સરસ્વતી નદી રેતીનાં રણમાં અટવાઈ ગઈ તેથી સાગરને ન મળી શકી. સાધકની ઉપાસના રૂપી સરિતાએ માયાના રેતીનાં રણમાં સમાઈ જવાનું નથી, જાતજાતના દેવતાઓને ઘાટે અટકી જવાનું નથી.

સાધકની ઉપાનાએ અવિરત વહેતી ગંગાની જેમ શ્રીહરિના ચરણરૂપી સાગરને મળવાનું છે.

એ સાગરની ઓળખાણ આપતા સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી કહે છે...

વંદુ સહજાનંદ ચરન રજ, તીરથ સકલ નિવાસ હો;
મંગલ ધામ કામ સબ પૂરન, કરત અમંગલ નાસ હો...

પ્રેમાનંદ સ્વામીનું આ કીર્તન ખૂબ જ સુંદર છે. અહીં પ્રેમસખી કીર્તનનો આરંભ શ્રીહરિની મૂર્તિના મહિમાથી નથી કરતા, શ્રીહરિનાં ચરણનાં મહિમાથી પણ નથી

કરતા, પરંતુ શ્રીહરિના ચરણરજની વંદનાથી કરે છે.

શ્રીહરિની મૂર્તિનો મહિમા અનંત-અપાર છે જ, પરંતુ એમની ચરણરજવો મહિમા પણ અનંત-અપાર છે. આપણી ઉપાસના રૂપી સરિતા શ્રીહરિનાં ચરણમાં સમાવી જોઈએ. અર્થાત્ ઉપાસનાનો હાર્દ સ્વામી-સેવક ભાવ છે.

આ કીર્તન હૃદયની ગહેરાઈથી ગવાયું છે. અહીં પ્રેમાનંદ સ્વામી શ્રીહરિની ચરણરજના મહિમાનું ગાન કરે છે. જે પુરુષોત્તમ નારાયણનાં ચરણોમાં સર્વ તીર્થોનો વાસ છે, જે ચરણ પરમ મંગલનું ધામ છે, એવાં ચરણની રજને પ્રેમાનંદ સ્વામી અહીં વંદના કરે છે. અહીં પ્રેમસખીના અંતરમાં ઉભરાતા મહારાજના સર્વોપરી મહિમાની આછેરી ઝલક ઊભરી રહી છે.

શ્રીમદ્ ભાગવતમાં બ્રહ્માજી પુરુષોત્તમ નારાયણની ચરણકમળનો મહિમા ગાતાં-સ્તુતિ કરે છે...

'तदस्तु मे नाथ स भूरिभागो,
भवेऽत्र वान्यत्र तु वा तिरश्चाम्।
येनाहमेकोऽपि भवज्जनानां,
भूत्वा निषेवे तव पादपल्लवम्॥' (श्रीमद्भा.१०/१४/३०)

'હે પ્રભુ આ જન્મે અથવા તો આવતા જન્મે મને મળનારા પશુ-પંખીનાં શરીરમાં એવું સૌભાગ્ય આપો કે જેથી આપનાં ચરણકમળની હું સેવા કરી શકું.'

'तद्भूरिभाग्यमिह जन्म किमप्यटव्यां,
तद्गोकुलेऽपि कतमाङ्घ्रिरजोभिषेकम्।
यज्जीवितं तु निखिलं भगवान्मुकुन्द-
स्त्वद्यापि यत्पदरजः श्रुतिमृग्यमेव।(श्रीमद्भा.१०/१४/३५)

'હે પ્રભુ ! મને એવું સૌભાગ્ય આપો કે, મને વ્રજમાં પશુ-પંખી કે વૃક્ષ-વનવેલીનો જન્મ પ્રાપ્ત થાય. જેથી ભગવાન મુકુંદ જ જેમનું સર્વસ્વ છે, એવા વ્રજવાસીઓનાં ચરણની રજનો મારી ઉપર અભિષેક થાય.'

અહીં બ્રહ્માજી માત્ર ભગવાનની ચરણરજ માટે પ્રાર્થના કરતા નથી, પરંતુ જેમને ભગવાનનાં ચરણની સેવા મળી છે, તેવા ભાગ્યશાળી ગોકુલવાસીઓનાં ચરણની સેવા કે ચરણરજ પામવા માટે પ્રાર્થના કરે છે.

પુરુષોત્તમ નારાયણની મૂર્તિ મંગલકારી છે, અત્યંત પાવનકારી છે. સાથે સાથે મૂર્તિના ચરણ પણ પરમ પાવનકારી છે. એ ચરણારવિંદની રજ જ્યાં પડે છે ત્યાં દિવ્ય તીર્થો સર્જાય છે.

જો આ તીર્થ સાથે મહિમાભાવે જોડાઈ જવાય તો તીર્થમાં આજે પણ ત્યાં શ્રીહરિનાં પદરજની સુગંધ અનુભવાય છે. અંતરમાં સાત્વિક ઉર્જાઓ જાગે છે.

ગુજરાતમાં શ્રેષ્ઠ અધ્યાત્મ ચિંતક બહેન શ્રી વિમલાતાઈ થઈ ગયાં. તેઓ મોટે ભાગે આબુમાં રહેતાં.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજના કૃપાપાત્ર જામનગર નિવાસી વૈદ્ય શ્રી બાલકૃષ્ણભાઈ દવેને વિમલાતાઈ સાથે નેહનો નાતો હતો. બાલકૃષ્ણભાઈ દવે એટલે ગઢપુરના બ્રહ્મચારી શ્રી મુનિશ્વરાનંદજી મહારાજ અને ત્રિભુવનભાઈ વ્યાસ એ બન્નેના સંબંધી હતા.

ભક્તરાજ બાલકૃષ્ણભાઈ દવેના જોગથી વિમલાતાઈને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે આકર્ષણ થયું. એક દિવસ વિમલાતાઈ ગઢપુર ગોપીનાથજી મહારાજનાં દર્શને આવ્યાં. તેઓ જેવા ગઢપુરના ચોકમાં પ્રવેશ્યાં કે તુરત જ તેમનાં હૃદયમાં દિવ્ય ઉર્મિઓ જાગી ઊઠી, જેવો એમણે પ્રસાદીના ઓરડામાં પ્રવેશ કર્યો કે તુરત જ તેઓ ભાવસમાધિમાં સરી પડ્યા.

એ સમયે વિમલાતાઈએ કહ્યુ હતું કે, 'હું અનેક આધ્યાત્મિક તીર્થસ્થાનોમાં ફરી છું, પણ આ ભૂમિમાં જે દિવ્ય ઊર્જા અનુભવાઈ એવી ઊર્જા મેં બીજે ક્યાંય અનુભવી નથી!'

આ પ્રભુની ચરણરજનો આ પ્રતાપ છે. એમનાં આ દિવ્ય અનુભવનો પ્રસંગ સ્વામિનારાયણ ચરિત ગાથામાં વિસ્તારથી લખવામાં આવ્યો છે.

વિચાર કરતા મૂકી દે એવો આ પ્રસંગ છે. આપણે કેટલાંય વર્ષોથી શ્રીહરિની ચરણરજથી પાવન થયેલી તીર્થભૂમિનાં દર્શન કરીએ છીએ. એ તીર્થમાં જઈને આપણામાંથી કેટલાંને દિવ્ય ઉર્જા મળે છે ? કેટલાને સમાધિની અનુભૂતિ થાય છે ? કેટલાને એ ચરણરજથી પાવન થયેલી ભૂમિમાં આળોટવાનું મન થાય છે ?

પુરુષોત્તમ નારાયણની મૂર્તિ મંગલકારી છે, અત્યંત પાવનકારી છે. સાથે સાથે મૂર્તિના ચરણ પણ પરમ મંગલધામ છે, પાવનકારી છે. એ ચરણારવિંદની રજ જ્યાં પડે છે ત્યાં દિવ્ય તીર્થો સર્જાય છે.

નથી થતું એનું કારણ મહિમાનો અભાવ છે. કેવળ લટક સલામ કરી મંદિરની બહાર નીકળી જવાથી એ અનુભૂતિ નથી થતી.

વિમલાતાઈ તો ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉપાસક પણ ન હતાં, છતાં એમને દિવ્ય અનુભૂતિ થઈ

હતી. જ્યારે આપણને તો પ્રગટ શ્રીહરિનો દિવ્ય સત્સંગ વારસામાં મળ્યો છે. એનો મહિમા સમજાવો જોઈએ.

પ્રેમાનંદ સ્વામી કીર્તનમાં આગળ કહે છે...

જેહી પદરજ બ્રહ્માદિક સુરમુનિ, નિત પ્રતિ શિર પર ધારે હો;
સહસ્રવદન શુક નારદ શારદ, રસના જશ વિસ્તારે હો...

પુરુષોત્તમ નારાયણની ચરણરજને બ્રહ્માદિક દેવતાઓ શિર પર ધારે છે, સહસ્રવદન શેષજી પોતાનાં સહસ્ર મુખથી શ્રીહરિના મહિમાનું યશોગાન કરે છે. નારદ, શારદ, સનકાદિક જેવા મહામુનિઓ ભગવાનના મહિમાના ગીત ગાતાં થાકતા નથી. આવો અવર્ણનીય મહિમા નારાયણનો, નારાયણનાં ચરણનો છે અને નારાયણની ચરણરજનો છે.

વૈરાગ્ય મૂર્તિ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી જેવા અનેક સંતોએ 'નિર્ભય ચરણ છે નાથનાં' એમ કહીને પ્રગટ પુરુષોત્તમ નારાયણનાં ચરણનો મહિમા ગાયો છે, ચરણરજની અપરંપાર ગાથાઓ ગાઈ છે. ભક્તિમાર્ગના આચાર્ય ચૈતન્ય મહાપ્રભુજી શ્રીદેવ સ્તોત્રમાં ચરણરજનો મહિમા વર્ણવતાં કહે છે...

'અયિ નન્દતનૂજ કિઙ્કરં પતિતં માં વિષમે ભવામ્બુધૌ ।
કૃપયા તવ પાદપઙ્કજસ્થિતધૂલીસદૃશં વિચિન્તય ॥'

'હે પ્રભુ! આ ઘોર, દુષ્પાર સંસારસાગરમાં પડેલો હું આપનો કિંકર છું. પ્રભુ કૃપા કરીને આપનાં પાવનકારી ચરણકમળની ધૂળ સમાન સેવકને યાદ કરો અને આપની દિવ્ય સેવા પ્રદાન કરો.'

આમ, સંતો-આચાર્યો-દેવોએ પુરુષોત્તમ નારાયણની ચરણરજનો અપરંપાર મહિમા ગાયો છે. જેમની ચરણરજના મહિમાના પારને પમાતું નથી, ત્યારે એ ચરણરજ જેમની છે એવા પ્રગટ પુરુષોત્તમ નારાયણના મહિમાને કોણ પાર પામે?





લોકમાં જ્યારે વરરાજો પરણવા જતો હોય ત્યારે માથે સાફો બાંધ્યો હોય. એ સાફો કોઈને ત્યાંથી માગીને લઈ આવ્યા હોય અથવા કોઈ દુકાનેથી ભાડે લાવ્યા હોય, છતાં જાનડીઓ ગીતો ગાતી હોય કે 'મારા વીરાનો સાફો સવા લાખનો.' કહેવાનો અર્થ કે, જો અમારા વીરાનો-વરરાજાનો સાફો સવા લાખનો હોય, તો આખો વીરો કેટલો મોઘામૂલો હશે!

વાત ભલે લૌકિક છે, પણ સમજવા જેવી છે. જો ચરણરજનો આવો દિવ્ય મહિમા ગાવામાં આવ્યો છે, તો પુરુષોત્તમ નારાયણનો મહિમા કેવો હોય, એની તો કલ્પના જ કેમ થાય!!!

શ્રીજી મહારાજ ઠેરઠેર યજ્ઞો કરાવતા અને યજ્ઞ પૂરો થાય પછી બધા ભૂદેવોને ભૂરીભૂરી દક્ષિણા આપતા.

એક વાર મહારાજે યજ્ઞ કરાવ્યો. યજ્ઞ પૂરો થયા પછી મહારાજ બ્રાહ્મણોને દક્ષિણા આપી રહ્યા હતા. જે ભૂદેવ દક્ષિણા લેવા આવે એમને મહારાજ પૂછે, "ભૂદેવ! કેટલા વેદ ભણ્યા છો?" ભૂદેવ જવાબ આપે કે, "એક વેદ." તો મહારાજ એમને એક રૂપિયો દક્ષિણા આપે.

એ જ રીતે બીજા ભૂદેવને પૂછે, એ બે વેદ કહે તો શ્રીજી મહારાજ એમને બે રૂપિયા દક્ષિણા આપે. કોઈ ત્રણ કહે તો ત્રણ રૂપિયા અને કોઈ ચાર કહે તો ચાર રૂપિયા દક્ષિણા આપે.

એવામાં એક ભૂદેવ આવ્યા. મહારાજે તેમને પૂછ્યું, "કેટલા વેદ ભણ્યા છો?"

ભૂદેવ કહે, "સ્વામિનારાયણ.. . સ્વામિનારાયણ..."

મહારાજ કહે, "અરે ભૂદેવ! અમે પૂછીએ છીએ વેદ કેટલા ભણ્યા છો?"

ભૂદેવ કહે, "સ્વામિનારાયણ... સ્વામિનારાયણ..."

ભૂદેવનો જવાબ સાંભળી મહારાજ ખૂબ રાજી થઈ ગયા અને રૂપિયાનો ખોબો ભરીને ભૂદેવના ફાળિયામાં નાંખ્યા.

કોઈએ એનું કારણ પૂછ્યું ત્યારે શ્રીજી મહારાજ કહે, "જુઓ, કોઈ વેદ ભણ્યા, કોઈ ઉપવેદ ભણ્યા, કોઈ પુરાણ ભણ્યા, પણ આ ભૂદેવ જેવો અમારો મહિમા જાણે છે તેવો મહિમા કોઈ જાણતા નથી. એમણે ભણવા જેવું ભણી લીધું છે."

આમ, આ જગતમાં ભણવા જેવા, જાણવા જેવા, ઉપાસના કરવા જેવા એક પુરુષોત્તમ નારાયણ છે.

એક સમયે મહારાજ પાસે સંગીતકારો સંગીત કરતાં હતા. મહારાજ એને સિરપાવ આપતા હતા. એવામાં એક ભૂદેવ મહારાજનાં દર્શને આવ્યાં. તેઓ દર્શન કરતાં જાય અને કીર્તનની એક કડી બોલતા જાય...

"હાંરે તારું છોગું, હારે તારું છોગું, ત્રિલોક થકી ન્યારું..."

આમ એકની એક કડી વારંવાર બોલતા જાય. સાથે સાથે ડોલતા જાય. એ આંખમાંથી આંસુડાં વરસે જાય!

શ્રીજી મહારાજ તો આ ભૂદેવ સામે જોઈ રહ્યા. ભૂદેવ નજીક આવ્યા એટલે મહારાજે પોતે ઓઢેલી કિંમતી શાલ ભૂદેવને ઓઢાડી અને ખોબો ભરીને દક્ષિણા આપી.

સંગીતકારો વિચારે ચઢ્યા, આ શ્રીજી મહારાજ પણ ખરા છે. આ કીર્તનમાં નથી કોઈ પ્રાસ, નથી લય, નથી કોઈ ઢંગધડો, છતાં મહારાજ એમની ઉપર આટલાં બધાં વારી ગયા!

કોઈએ પૂછ્યું, "મહારાજ! આ ભૂદેવના કીર્તનમાં વળી શું નવી નવાઈની વાત હતી તે તમે એને આટલા બધા નવાજ્યા?"

મહારાજ કહે, "આ ભૂદેવે અમારી પાઘના છોગાંને ત્રણ લોક થકી ન્યારું કહ્યું, તો અમને કેવા ગણતા હશે! એટલે અમે એ ભૂદેવ ઉપર રાજી થયા છીએ."

આવા મહિમા સાથે ઉપાસન થાય, ત્યારે શ્રીજીની પ્રસન્નતા અષાઢી મેઘની જેમ વરસે છે.

સાળંગપુરનાં ૧૭મા વચનામૃતમાં શ્રીજી મહારાજે ઉપાસનાની ચાવીરૂપ વાત કરી છે. આખું વચનામૃત તો નહીં લઈએ પણ વચનામૃતનો ઉપસંહાર અતિ સુંદર છે. ઉપાસનામાર્ગ સમજવા માટે આ વચનામૃત અતિ ઉપયોગી છે.

શ્રીજી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઊઠ્યા. પછી આંબલીની ડાળખીને ઝાલીને ઉગમણે મુખારવિંદે ઊભા રહ્યા થકા બોલ્યા જે, જેમ પૂનમના ચંદ્રમાનું મંડળ હોય તે આહીંથી તો નાની થાળી જેવું દેખાય છે, પણ જેમ જેમ એની સમીપે જાય તેમ તેમ મોટું મોટું જણાતું જાય. પછી અતિશય ઢૂંકડો જાય ત્યારે તો દૃષ્ટિ પણ પહોંચી શકે નહિ, એવું મોટું જણાય. તેમ માયારૂપી અંતરાય ટાળીને જેમ જેમ ભગવાનને ઢૂંકડું થવાય છે, તેમ તેમ ભગવાનની પણ અતિ અપાર મોટપ જણાતી જાય છે અને ભગવાનને વિષે દાસપણું પણ અતિ દૃઢ થતું જાય છે."

વચનામૃતના આ ઉપસંહારને આપણે સમજીએ એ પહેલા આ વચનામૃતના આરંભે શ્રીજી મહારાજે જીવની સ્થિતિના ભેદ કહ્યા છે, એ સમજીએ.

વચનામૃતમાં મહારાજે ત્રણ દૃષ્ટાંત દ્વારા ઉપાસકના ભેદની વાત કરી છે. કીડીથી મગરમત્સ્ય સુધીનો ભેદ, ખદ્યોતથી મહાતેજ સુધીનો ભેદ અને મચ્છરથી ગરુડ સુધીનો ભેદ.

ઉપાસકોના આ ભેદનું કારણ ભગવાનના સુખ, સામર્થ્ય અને માહાત્મ્યજ્ઞાનની તારતમ્યતાને લીધે છે.

ઉપાસનાના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે શ્રીજી મહારાજે ચાર દ્રષ્ટાંતો આપ્યા છે : પહેલું દૃષ્ટાંત સાગરનું છે, બીજું તેજનું, ત્રીજું આકાશનું અને ચોથું દૃષ્ટાંત અતિ મહત્વનું છે જે ચંદ્રમાનું છે.

સાગરનું દૃષ્ટાંત શ્રીહરિની દિવ્ય મૂર્તિનાં આનંદસાગરને સૂચવે છે.

તેજનું દૃષ્ટાંત શ્રીહરિના અનંત-અપાર સામર્થ્યને સૂચવે છે.

આકાશનું દૃષ્ટાંત પુરુષોત્તમ નારાયણના અનંત-અપાર મહિમાને સૂચવે છે.

ઉપાસનાને માર્ગે આગળ વધનાર મુમુક્ષુ જેમ જેમ ભજન કરતો જાય છે એમ એમ એની પાંખોમાં બળ આવતું જાય છે અને એ શ્રીહરિના મહિમાના અનંત આકાશમાં ઉડાન ભરે છે.

એ સાગર, એ મહાતેજ, એ અનંત આકાશ કોણ છે? એનો જવાબ છે 'અક્ષરધામને વિષે વિરાજમાન પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ.' જે સ્વયં આંબલીની ડાળી પકડીને ઊભા છે. એ જ સુખનો સાગર છે. એ જ અનંત સામર્થ્યવાન છે, એમનો જ મહિમા આકાશ જેવો અનંત-અપાર છે.

અનંત અક્ષર મૂક્તોનું તેજ અક્ષરબ્રહ્મમાં સમાઈ જાય છે અને અક્ષરબ્રહ્મનું તેજ છે એ પુરૂષોત્તમ નારાયણનાં ચરણારવિંદના નખમણિમાં સમાઈ જાય છે.

આવા મહા તેજસ્વી શ્રીજી મહારાજ આંબલીની ડાળી ઝાલીને ઊભા છે.

ગરુડ જેવા અનંત અક્ષરમૂક્તો જેના મહિમાના અનંત ગગનમાં ઊડે છે, પણ પાર પામતા નથી. ચાર વેદ, સર્વ શાસ્ત્રો જેમની સ્તુતિ કરે છે, પણ પાર પામતાં નથી. એવા એ શ્રીજી મહારાજ આંબલીની ડાળી ઝાલીને ઊભા છે. વચનામૃતનો ઉપસંહાર છે કેટલો અદ્‌ભુત છે!

જેમ જેમ ચંદ્રમા ઢૂંકડો આવે તેમ બિંબ મોટું થતું જાય; એવી જ રીતે શ્રીજી મહારાજ કહે છે કે, આ તમારી

સામે આંબલીની ડાળી ઝાલીને જે અમે ઊભા છીએ એ અમે ચંદ્રમા સમાન છીએ. આપ ભક્તો જેમ જેમ અમારો મહિમા સમજતા જશો, એમ એમ તમને અમારી વધારે ને વધારે મોટપ સમજાતી જશે.

શ્રીજી મહારાજનો આવો દિવ્ય મહિમા આપણને નથી સમજાતો એનું કારણ છે કે, આપણી દૃષ્ટિને માયાનું જાડું આવરણ ચડ્યું છે. એ માયા આપણને મહારાજનો યથાર્થ મહિમા સમજવા દેતી નથી.

શ્રીજી મહારાજે વચનામૃતમાં માયા વિશે અનેકવાર નિરૂપણ કર્યું છે. એ માયા મુખ્યત્વે ત્રણ પ્રકારની હોય છે. સત્વગુણાત્મક, રજોગુણાત્મક અને તમોગુણાત્મક.

આજની વૈજ્ઞાનિક ભાષામાં કહીએ તો પ્રાણીઓના ડી.એન.એ અને આર.એન.આ રંગસૂત્રોમાંથી કેટલી વૈવિધ્યભરી અદ્‌ભુત જીવસૃષ્ટિ સર્જાય છે ! મનુષ્યો, પશુઓ, પંખીઓ, વનસ્પતિઓ આ બધાનું સર્જન પ્રકૃતિના રંગસૂત્રોમાંથી થયું છે.

આ રંગીન સૃષ્ટિમાં મૂળ રંગ તો લાલ, પીળો અને વાદળી જ છે. આ રંગોના મિશ્રણથી કેવું સુંદર સપ્તરંગી મેઘધનુષ નિખરી આવે છે ! વિશ્વમાં હજારો પ્રકારના રંગ ખીલી ઊઠે છે.

દેવતાઓના ત્રણ પ્રકાર હોય છે. તમોગુણી દેવતા, રજોગુણી દેવતા અને સત્વગુણી દેવતા. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે : માયાના ગુણોને લીધે શ્રદ્ધાના ત્રણ ભેદ છે. તમોગુણી શ્રદ્ધા, રજોગુણી શ્રદ્ધા અને સત્વગુણી શ્રદ્ધા.

सत्त्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत।

श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः ॥(૧૭-૩)

'હે અર્જુન ! બધા મનુષ્યોની શ્રદ્ધા એમના અંતઃકરણની વૃત્તિ અનુસાર હોય છે. કોઈની વૃત્તિ સત્વગુણી છે, કોઈની વૃત્તિ રજોગુણી છે, કોઈની વૃત્તિ તમોગુણી છે. મનુષ્યની જેવી પ્રકૃતિ હોય છે તે તેવા જ દેવનું આરાધન કરે છે. વિશેષમાં જે જેવી શ્રદ્ધાથી જેવા દેવોનું આરાધન કરે છે, તેને તે તે દેવ થકી તેવી ફળની પ્રાપ્તિ થાય છે.'

ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં અનેક પ્રકારની ઉપાસનાની વાતો કરે છે. જે સાધક જે દેવની ઉપાસના કરે છે એને એવું જ લાગે છે કે આ દેવ જ શ્રેષ્ઠ છે. એમનાથી ઉપર કોઈ નથી. જેમ નાના બાળકને એમ જ લાગે છે કે મારી મા જ સર્વોપરી છે, એનાથી મોટું કોઈ નથી.

બાળક સિવાય બીજા લોકોને ખબર છે કે એની મા સુખી છે કે મજૂરી કરે છે, શ્રીમંત છે કે ગરીબ છે; પરંતુ બાળકને ખબર નથી. બાળકને તો એમ જ હોય કે મારા માટે મારી મા જ સર્વસ્વ છે. એવી જ રીતે જે તે દેવની ઉપાસના કરનારાને એમ જ લાગે છે કે, હું જેનું ઉપાસન કરું છું એ જ શ્રેષ્ઠ છે.

આ દૃષ્ટિ આપણે પુરાણોમાં પણ જોઈ શકીએ છીએ કે, જે દેવને કેન્દ્રમાં રાખીને પુરાણની રચના થઈ હોય તે પુરાણમાં તે દેવને જ સર્વસ્વ કહ્યા હોય છે.

પુરાણોનો આશય સામાન્ય બુદ્ધિથી ન સમજી શકાય એવો ઊંચો છે. એ સમજવા માટે સત્સંગની જરૂર પડે છે. ઉપાસકોની અનેક પ્રકારની કક્ષાઓ છે. પુરાણકાર વિવિધ ઉપાસનાના વિવિધ ફળ દર્શાવી ઉપાસકના અંતરમાં શ્રદ્ધાને દૃઢ કરાવે છે. પછી ધીરે રહીને પરમાત્મા અને અન્ય દેવોનો ભેદ સમજાવી ઉપાસકને નિકૃષ્ટમાંથી છોડાવીને ઉત્કૃષ્ટમાં જોડે છે.

સાધકને જે તે દેવ જ શ્રેષ્ઠ લાગે છે એનું કારણ શું ? ત્યાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે, સાધકની બુદ્ધિ ઉપર માયાના સત્વ, રજ, તમના આવરણ ચડ્યાં છે. એ આવરણ સાધકની બુદ્ધિને સિમિત બનાવી દે છે, એટલે એ જે દેવને માને છે એ જ દેવને શ્રેષ્ઠ કહે છે.

માયા જીવની બુદ્ધિને એવી જાડી કરી નાંખે છે કે જેને લીધે સાધક કીડી, ખદ્યોત કે મચ્છર જેવું જીવન જીવ્યે જાય છે.

આ બુદ્ધિ જાડ્યને લીધે જીવ પોતાના અંતરમાં પરમાત્માના અનંત અપાર પ્રકાશ, અનંત અપાર સુખ, અનંત અપાર સામર્થ્યને યથાર્થ જાણી શકતો નથી.

બીજી મહત્વની વાત એ છે કે, સાધક જે દેવની આરાધના કરે છે, એ દેવમાં જેટલું સામર્થ્ય છે એટલું જ એને આપી શકે છે, એથી વિશેષ એ દેવ આપી નથી શકતા. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે :

'यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छति।

तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥'

સર્વ દેવતાઓ મારાં શરીર છે. અર્થાત્ મને આધીન છે. એમાં જે સુખ-સામર્થ્ય છે તે મારે લીધે છે. હું સર્વે દેવોમાં રહીને ભક્તોના મનોરથ પૂરા કરું છું.'

પરંતુ બને છે એવું કે, જેમ વીજળીની મોટી લાઈનમાંથી આપણને એટલી જ વીજળી મળે કે જેટલું આપણે કનેક્શન લીધું હોય. જેટલી કેપીસિટીનો આપણો બલ્બ હોય એ પ્રમાણે જ આપણને પ્રકાશ મળે છે.

સંપૂર્ણ સામર્થ્યના સાગર પુરુષોત્તમ નારાયણ સિવાય જે જે અન્ય દેવતાઓ છે તેઓ સાધકને એટલું જ

આપી શકે કે જેટલી એમનામાં સામર્થી હોય.

દશાનન રાવણે તપ કરીને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા અને અમરત્વનો વર માંગ્યો. બ્રહ્માજી બોલ્યા, "રાવણ ! મારું આયુષ્ય સો દૈવી વર્ષનું છે. મારું જીવન પણ એક દિવસ પૂરું થવાનું છે ત્યારે હું તને કેમ અમર કરી શકું ?"

પછી રાવણે માગ્યું કે, "હું મનુષ્ય સિવાય કોઈથી ન મરું." અહીં કાળદેવતાને એક બારી તો ખુલી મળી જ ગઈ અને પ્રભુએ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ રૂપે અવતરી રાવણનો સંહાર કર્યો.

હિરણ્યકશિપુએ બ્રહ્માજી પાસે અનેક વરદાનો માગીને કાળને પરાજિત કરવાના કેટલા પ્રયાસો કર્યા, પરંતુ મેળ ન પડ્યો. પહેલા તો એને અમર જ થઈ જવું હતું, પરંતુ બ્રહ્માજીએ કહ્યું કે, "ભાઈ ! મારી દુકાનમાં જેટલો માલ હોય એટલો જ આપી શકું. અમર તો હું પણ નથી તો તને અમરતાનું વરદાન કેમ આપી શકું ?"

આખરે હિરણ્યકશિપુએ કાળને રોકવાના કેટલાંય વરદાન માંગ્યા, પણ પ્રભુને આવડે એવું કોઈને ન આવડે ! ભગવાને બધા જ વરદાનો જાળવી માર્ગ કાઢ્યો. ભગવાન નરસિંહ સ્વરૂપે પધાર્યા અને અસુરનો વધ કર્યો.

આવાં અનેક દૃષ્ટાંતો દ્વારા આપણે જાણી શકીએ કે જે દેવમાં જેટલું ઐશ્વર્ય છે એ દેવ તેટલું જ આપી શકે છે, તેથી વિશેષ એ આપી શકતા નથી.

તો હવે પ્રશ્ન થાય છે કે કીડીથી મગરમત્સ્ય સુધીના ભેદ કેમ દૂર કરી શકાય ? ખદ્યોતથી મહાતેજ સુધીના ભેદ કેમ દૂર કરી શકાય ? અને મચ્છરથી ગરુડ સુધીના ભેદ કેમ દૂર કરી શકાય ?

આ પ્રશ્નનો જવાબ શ્રીજી મહારાજ સારંગપુરના સત્તરમાં વચનામૃતમાં બતાવે છે. મહારાજ કહે છે કે, "ભગવાનનાં ભજનનો કરનારો જે જીવ તેની દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ થતી જાય છે તેમ તેમ એને પરમેશ્વરનું પરપણું જણાતું જાય છે અને ભગવાનનો મહિમા પણ અધિક અધિક જણાતો જાય છે."

શ્રીજી મહારાજ ઉપાસના માર્ગમાં શ્રેષ્ઠ સાધન ભજનને કહે છે. ભજન કરતાં કરતાં જીવની દૃષ્ટિ ઝીણી થતી જાય છે, ભગવાનનું વિશેષ ને વિશેષ માહાત્મ્ય સમજે છે અને મહાસુખિયો થાય છે. પરંતુ અહીં એક વાતનું એ અનુસંધાન પણ જરૂરી છે કે જે રીતે સાધક જે દેવનું ભજન કરે એ પ્રમાણે જ એને ફળ મળે છે. એ જ રીતે ભગવાનને જેવા જાણીને ભજન કરે છે એને એટલું જ સામર્થ્ય મળે છે.

સદ્‌ગુરુના વચને કરીને પ્રગટ ભગવાનનો યથાર્થ મહિમા સમજી ભજન કરે એ જ કીડીથી મગરમચ્છ જેવો, ખદ્યોતથી મચ્છર જેવો અને મચ્છરથી ગરૂડ જેવો બને છે.

શ્રીજી મહારાજ આમલીની ડાળી ઝાલીને કહે છે કે, 'હું તમારાથી આટલો ઢૂંકડો આવ્યો છું, હવે તમે મને ઓળખી લ્યો અને ભજન કરો.'

ઉપાસના માર્ગમાં હજુ પણ એક આંટી રહે છે. સ્વયં ભગવાન શ્રીસ્વામિનારાયણ સામે ઊભા હોય, તો પણ યથાર્થ ઓળખાણ ન થાય. એ તો જીવ બ્રહ્મનિષ્ઠ સત્પુરુષનો જો સંગ કરે, તો જ યથાર્થ ઓળખાણ થાય છે.

વડતાલના ત્રીજા વચનામૃતમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની વાત નીકળી ત્યારે પૂછવામાં આવ્યું કે, 'મહારાજ ! સાધનોની પ્રાપ્તિ કઈ રીતે કરી શકાય ?' ત્યારે મહારાજ કહે છે કે, 'ભગવાનના એકાંતિક સત્પુરુષની સેવા કરે અને રાજી કરે ત્યારે સર્વ સાધનોની પ્રાપ્તિ થાય છે.' સાથે સાથે સત્પુરુષના પ્રકાર બતાવતા કહે છે કે, 'સત્પુરુષો મશાલ જેવા હોય, દીવા જેવા હોય, વીજળીના અગ્નિ જેવા હોય અને વડવાનળ અગ્નિ જેવા હોય છે. જે જીવ જેવા સત્પુરુષનું સેવન કરે છે એ જીવ એવો જ થાય છે.'

શ્રીજી મહારાજનાં વચનામૃતો અદ્‌ભુત છે. એ વચનામૃતોનાં રહસ્યનો સમજીએ, ભજન કરીએ અને સત્પુરુષનો સંગ કરીએ તો પુરુષોત્તમ નારાયણનો યથાર્થ મહિમા સમજાશે.

નાભાનેદિષ્ઠની સંપત્તિ

- સાધુ યજ્ઞવલ્લભદાસ

મહારાજ મનુના પુત્ર નાભાનેદિષ્ટ થયા. નાભાનેદિષ્ટ વિદ્યાપ્રેમી હતા. એમને વિદ્યા ભણવી ખૂબ ગમતી. તે હંમેશાં ગુરુના આશ્રમમાં જ રહેતા, બ્રહ્મચર્યનું પાલન કરતા અને વેદનો અભ્યાસ કરતા.

વિદ્યાભ્યાસ કરવામાં, ગુરુજ્ઞાન મેળવવામાં તેઓ એટલા તલ્લીન રહેતા કે તેને ગુરુકુલની બહારની દુનિયાની યાદ ક્યારેય આવી નહોતી. નાભાનેદિષ્ટને રાજ્યના વહીવટ કરતા વેદનો અભ્યાસ કરવો ખૂબ ગમતો.

નાભાનેદિષ્ટ મહારાજ મનુના પુત્ર હતા, વિશાળ રાજ્યના વારસદાર હતા, પરંતુ વિદ્યાભ્યાસમાં અપાર રસ આવતો હોવાથી તેમણે રાજ્યમાં કોઈ રસ દાખવ્યો નહોતો. તેઓ ઘણાં વર્ષો પહેલા રાજ્યમાંથી જતા રહ્યા હતા.

એક દિવસની વાત છે. રાજ્યમાંથી એક શિષ્ય આશ્રમમાં આવ્યો. તેણે નાભાનેદિષ્ટને સમાચાર આપ્યા કે, મહારાજ મનુએ તેની સંપત્તિના ભાગ તેના દીકરાઓ વચ્ચે વહેંચી દીધા છે, પરંતુ રાજાએ તમને સંપત્તિમાં કોઈ ભાગ આપ્યો નથી.

આ વાત સાંભળીને નાભાનેદિષ્ટને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ વિચાર કરવા લાગ્યા કે, પિતાજીએ મારી સાથે આવું કેમ કર્યું ? તે મને પોતાનો પુત્ર નહીં માનતા હોય ? મારા મોટા ભાઈઓએ પણ મને યાદ ન કર્યો અને સંપત્તિ વહેંચી લીધી ? શું તેઓને તેમના નાના ભાઈની ચિંતા ન થઈ ? પિતાજીની સંપત્તિ પર મારો પણ અધિકાર છે, તો પછી શા માટે મારો તિરસ્કાર કરવામાં આવ્યો ?'

આવા વિચારોના વંટોળમાં નાભાનેદિષ્ટ ખૂબ જ દુઃખી થઈ ગયા. તે આશ્રમ છોડીને તેના પિતા પાસે આવ્યા. પિતાજીને પૂછ્યું, "હે પિતાજી ! શું આ વાત સાચી છે કે તમે મને સંપત્તિમાં ભાગ આપ્યો નથી ?"

રાજા મનુએ કહ્યું, "હા પુત્ર ! મેં તને સંપત્તિનો કશો જ ભાગ નથી આપ્યો."

નાભાનેદિષ્ટે પૂછ્યું, "તમે શા માટે મારી સાથે અન્યાય કર્યો ? શું હું તમારો પુત્ર નથી ? શું તમારી સંપત્તિ પર મારો હક નથી ?"

રાજા મનુ બોલ્યા, "બેટા ! તું આ રાજ્યની ભૌતિક સંપત્તિ કરતા પણ વધુ મહત્વની સંપત્તિનો હકદાર છે. તારો જન્મ સામાન્ય હેતુ માટે નથી થયો, તું ખૂબ ભાગ્યશાળી છે. બેટા ! ઉત્તમ પુરુષ એ જ કહેવાય જે પોતાના ગુણો અને કર્મો થકી સંપત્તિ એકઠી કરે. હું તને ઉત્તમ પુરુષ માનું છું. તેથી મેં તને સંપત્તિમાં ભાગ નથી આપ્યો."

નાભાનેદિષ્ટ બોલ્યા, "પરંતુ પિતાજી ! મારી પાસે કેવળ વેદનું જ જ્ઞાન છે. મને વેદ સિવાય બીજું કંઈ પણ આવડતું નથી. મારામાં ધન કમાવાની આવડત નથી. તો હું કઈ રીતે સંપત્તિ એકઠી કરીશ ?"

રાજા મનુ બોલ્યા, "વિદ્યાથી ઉત્તમ ધન બીજું એકેય નથી અને બીજું, જે વ્યક્તિ પાસે જે વિદ્યા હોય તેમાંથી જ તે ધન કમાય છે. વેદવિદ્યા થકી તું ઇચ્છે તેટલા નાણાં કમાઈ શકે."

નાભાનેદિષ્ટે જિજ્ઞાસાથી પૂછ્યું, "એ કઈ રીતે શક્ય છે પિતાજી ?"

રાજા મનુ કહે, "બેટા ! આંગિરસ ઋષિગણ સ્વર્ગફળ માટે 'સત્રયાગ' નામક અનુષ્ઠાન કરી રહ્યા છે. પરંતુ તેઓ માત્ર છ દિવસનું અનુષ્ઠાન જ પૂરું કરી શક્યા છે. તેઓને અનુષ્ઠાન આગળ વધારવા માટે જરૂરી વિધિ ભૂલાઈ ગઈ છે. તેઓની ઇચ્છા પૂરી ન થવાને કારણે તેઓ ખૂબ જ દુઃખી છે. તું તેની પાસે જા. તેને અનુષ્ઠાન પૂરું કરવામાં મદદ કર. તેની પાસે જઈને સુક્તોનો પાઠ કર. જો તેનું 'સત્રયાગ' અનુષ્ઠાન પૂર્ણ થઈ જશે તો તે તને એક હજાર ગાયો ભેટમાં આપશે."

પિતાજીની વાત માનીને નાભાનેદિષ્ટ આંગિરસ ઋષિગણ પાસે ગયા. ત્યાં જઈને તેણે જોયું કે તેઓ દ્વારા એક મહાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞના ધુમાડાથી વાતાવરણ પવિત્ર થઈ ગયું હતું. ઋષિગણ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા. નાભાનેદિષ્ટે ધ્યાનથી સાંભળ્યું તો તેને ખબર પડી કે ઋષિઓ એક ને એક મંત્રનું જ ઉચ્ચારણ કરી રહ્યા છે. તેઓને આગળના મંત્રો આવડતા નથી. તેઓ મૂંઝાઈ ગયા છે. તેઓના હાથ યજ્ઞમાં આહુતિ

આપતી વખતે અટકી જતા હતા. તેઓ સાચો મંત્ર બોલી રહ્યા છે કે નહીં, તેની શંકા અનુભવી રહ્યા હતા. થોડી થોડીવારે તેઓ એકબીજાને સામે જોતા હતા. પરંતુ કોઈ પણ ઋષિને સાચા મંત્રો આવડતા ન હોવાથી મૂંઝાઈને ફરીથી એકના એક મંત્રોચ્ચાર કરી યજ્ઞ કરી રહ્યા હતા.

નાભાનેદિષ્ટ સમજી ગયા કે તેના પિતાએ કહેલી વાત સાચી હતી. આંગિરસ ઋષિગણને ખરેખર મદદની જરૂર છે.

થોડીવાર પછી નાભાનેદિષ્ટ આંગિરસ ઋષિઓને પ્રણામ કરીને બોલ્યા, "હે ઋષિગણ ! હું રાજા મનુનો પુત્ર નાભાનેદિષ્ટ છું. શું તમે સત્રિય યજ્ઞ કરી રહ્યા છો ?"

એક ઋષિએ જવાબ આપ્યો, "હા બેટા ! અમે સત્રિય યજ્ઞ જ કરી રહ્યા છીએ."

નાભાનેદિષ્ટ ફરી બોલ્યા, "પરંતુ લાગે છે કે તમે બધા અનુષ્ઠાનની વિધિ ભૂલી ગયા છો."

ઋષિઓ ચિંતાના સ્વરમાં બોલ્યા, "હા વત્સ ! એવું જ છે. અમે વિધિ ભૂલી ગયા છીએ."

નાભાનેદિષ્ટ બોલ્યા, "કૃપા કરીને અનુષ્ઠાન પૂરું કરવાની અનુમતિ મને આપો."

ઋષિ બોલ્યા, "હે વત્સ ! શું તું અનુષ્ઠાન પૂરું કરવાની વિધિ જાણે છે ?"

"હા ઋષિગણ ! હું આ અનુષ્ઠાનને પૂરું કરી શકીશ." આટલું કહી નાભાનેદિષ્ટે સુક્તોનો પાઠ શાસ્ત્રીયરૂપે શરુ કર્યો. આંગિરસ ઋષિઓ પણ તેની સાથે સાથે મંત્રોચ્ચાર કરવા લાગ્યા. બધા ઋષિઓ ખુશ થઈ ગયા. નાભાનેદિષ્ટે થોડા જ સમયમાં અનુષ્ઠાનની વિધિ પૂરી કરી દીધી. તેથી આંગિરસ ઋષિઓ ખૂબ જ પ્રસન્ન થયા. તેમણે ખુશ થઈને નાભાનેદિષ્ટને એક હજાર ગાયો ભેટમાં આપી.

નાભાનેદિષ્ટ બધી ગાયો લઈને જઈ રહ્યા હતા ત્યારે એક અત્યંત શક્તિશાળી પુરુષે તેને રોકી લીધા અને કહ્યું, "હે યુવક ! તું આ દાન નહીં લઈ જઈ શકે. આ દાન મેળવવાનો હકદાર હું છું, તું નહીં." બધા જ લોકો શક્તિશાળી પુરુષને જોઈને ડરી ગયા.

નાભાનેદિષ્ટ બોલ્યા, "મેં આંગિરસ ઋષિઓને યજ્ઞ પૂર્ણ કરવામાં મદદ કરી તેથી મને આ ગાયો ભેટ સ્વરૂપે મળી છે. તેથી આ ગાયો પર મારો જ અધિકાર છે."

મહાશક્તિશાળી પુરુષ બોલ્યો, "હે બ્રહ્મવેતા ! તું હજુ યુવક છો. આ ગાયો પર મારો અધિકાર છે કે તારો તે તારા પિતા મનુ નક્કી કરશે. તેથી તારા પિતા પાસે જઈને પૂછી આવ."

નાભાનેદિષ્ટ મૂંઝાઈ ગયા. તે તેના પિતા પાસે ગયા. ત્યારબાદ આખી ઘટના તેના પિતાને જણાવી. તેમજ કહ્યું, "હે પિતાજી ! તમે જ હવે ન્યાય કરો અને તમારો નિર્ણય આપો."

રાજા મનુ થોડીવાર વિચારીને બોલ્યા, "હે પુત્ર ! આ ગાયો પર એ મહાશક્તિશાળી પુરુષનો જ અધિકાર છે. એ પુરુષ સાક્ષાત રુદ્ર દેવતા જ છે. તેથી તારી સંપત્તિ તું રુદ્ર દેવને આપી આવ."

પિતાજીની આજ્ઞા લઈને નાભાનેદિષ્ટ યજ્ઞમંડપમાં પહોંચ્યા. આંગિરસ ઋષિઓ અને મહાશક્તિશાળી પુરુષ નાભાનેદિષ્ટની રાહ જોઈ રહ્યા હતા. નાભાનેદિષ્ટએ રુદ્રરૂપ પુરુષને પ્રણામ કર્યા અને બોલ્યા, "મારા પિતાજીના કહેવા મૂજબ આ ગાયો પર તમારો જ હક છે. તેથી કૃપા કરીને આ ગાયોને સ્વીકારો."

નાભાનેદિષ્ટની પ્રમાણિકતા અને સમર્પણભાવથી મહાશક્તિશાળી પુરુષ ખૂબ જ પ્રસન્ન થયા. તે નાભાનેદિષ્ટને ભેટી પડ્યા. ત્યારબાદ બધી જ ગાયો નાભાનેદિષ્ટને સોંપીને બોલ્યા, "હે યુવાઋષિ ! તમે ધન્ય છો. તમે સત્યનિષ્ઠ છો. તમે ત્યાગી છો. તેથી આ બધી જ ગાયોનું દાન હું તમને કરું છું. આ ગાયોને મારા આશીર્વાદ માનીને સ્વીકારો. તમે આંગિરસ ઋષિઓને મદદ કરીને ઉત્તમ કર્મ કર્યું છે. તેથી તમારા જીવનમાં ધન, ધાન્ય, સુખ અને આનંદ વધારો થશે."

આટલું કહીને મહાશક્તિશાળી રુદ્રરૂપી પુરુષ અંતર્ધ્યાન થઈ ગયા. તેમજ નાભાનેદિષ્ટ પણ તેની હજાર ગાયો લઈને ઘર તરફ જવા લાગ્યા.

જે ત્યાગ કરવા તત્પર છે, તેને બધું જ સામેથી પ્રાપ્ત થાય છે.

જે ત્યાગે છે એને બધું આગે આગે રહે છે.

'विद्याधनम् सर्वधनम् ।' જેની પાસે વિદ્યા રૂપી ધન છે, એ સર્વ સંપત્તિનો માલિક છે.

સાધનાવસ્થામાં, વિદ્યાકાળ દરમિયાન નાનાં સુખને છોડે છે, એ ભવિષ્યમાં મોટાં સુખને પ્રાપ્ત કરે છે.

જે ત્યાગે છે એને બધું આગે આગે રહે છે.
'विद्याधनम् सर्वधनम् ।'
જેની પાસે વિદ્યા રૂપી ધન છે, એ સર્વ સંપત્તિનો માલિક છે.

માઘ મહિનાનું કઠણ માઘસ્નાન !

- શાસ્ત્રી મુનિવત્સલદાસ

ભારતીય ઋષિમુનિઓએ મોક્ષમાર્ગે ચાલનારા સાધકો સ્હેજે સ્હેજે સાધના કરી શકે, એવા પર્વોની પરંપરા સર્જી છે. હિન્દુ શાસ્ત્રોમાં પ્રતિપાદિત અને ઋષિમુનિઓએ પ્રવર્તાવેલી પર્વોની પરંપરા કુદરતી ઋતુચક્રને અનુસરે છે. વર્ષ દરમ્યાન સાધનાના દિવસોની ગણતરી કરીએ તો ચાતુર્માસ, ધનુર્માસ, માઘ માસ અને ત્રણ વર્ષે એકવાર આવતો અધિકમાસ સૌથી મહત્ત્વના મહિનાઓ ગણાય છે. આ દિવસોએ કરેલું જપ, તપ, વ્રત-ઉપવાસ આદિ અનેકગણું ફળ આપે છે અને જાણ્યે-અજાણ્યે કરેલાં નાનાં-મોટાં પાપોને પ્રજ્વાળનાર બને છે.

શિયાળામાં સાધના કરવાનું પર્વ એટલે માઘમાસ. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે જે મહિનામાં પૂર્ણિમા મઘા નક્ષત્રયુક્ત હોય એ માઘ માસ કહેવાય. પોષ સુદ પૂનમથી માંડીને મહા સુદ પૂનમ સુધીના દિવસો માઘ મહિનાના દિવસો ગણાય. શિયાળાની ઋતુમાં આ દિવસો દરમ્યાન સૌથી વધુ ઠંડી પડે છે. આ દિવસોમાં કડકડતી ઠંડીમાં બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને ઠંડાં પાણીથી સ્નાન કરવું એ માઘસ્નાન કહેવાય. નિર્ણયસિન્ધુ આદિ શાસ્ત્રોમાં અને પદ્મપુરાણ આદિ પુરાણોમાં માઘસ્નાનનો ખૂબ મહિમા ગાવામાં આવ્યો છે.

બુદ્ધિશાળી ખેડૂત ચોમાસાની ઋતુમાં ફળદ્રુપ જમીનમાં વાવણિયો વરસાદ થાય ત્યારે જ વાવેતર કરે અને એ વાવેતર કર્યા પછી પણ પૂર્ણ સાર-સંભાળ અને જતન કરીને જાળવે ત્યારે મબલક પાક પામે. મુમુક્ષુએ પણ દેશ-કાળને ઓળખીને, શારીરિક સક્ષમતાને સમજીને મોક્ષના ક્ષેત્રમાં સાધનાનાં બિયારણનું વાવેતર કરવું જોઈએ. જે સમય વર્તે સાવધાન થઈને દુર્લભ માનવદેહે કરીને સાધના કરે છે, તેને પુણ્યની પ્રાપ્તિ થાય છે. પરંતુ સાધના કરવી સરળ વાત નથી, સાધના શબ્દ જ કઠિનાઈઓ અને મુશ્કેલીઓનો સામનો કરવાનું સૂચવે છે.

સાધના શબ્દમાં સંસ્કૃતનો 'સાધ્' ધાતુ છે, જેનો અર્થ થાય છે મેળવવું. સાધના શબ્દનો સીધો અર્થ છે આત્મા અને પરમાત્માનો અનુભવ કરાવનારી પ્રક્રિયા. સાધના એટલે પરમાત્માપ્રાપ્તિ રૂપ લક્ષ્યસિદ્ધિ માટે તપ-જપ, ભક્તિ-ઉપાસના ઇત્યાદિ આવશ્યક પ્રયત્ન કરવા અથવા તો તેની કઠિન પ્રક્રિયામાંથી પસાર થવું.

સાધના શબ્દ પરીક્ષાનો પર્યાય લાગે છે. તફાવત માત્ર એટલો છે કે પરીક્ષા અણમાનીતી અને અનિચ્છાથી સ્વીકારવી પડતી કઠિન પરિસ્થિતિ છે અને સાધના સ્વૈચ્છિક ઉત્સાહ અને આદરથી અપનાવી લેવાતી કસોટી છે. માઘસ્નાન એવી જ એક કસોટી છે.

શિયાળાની ઠંડી બધાથી સહન ન થાય, ઘરમાં પાથરેલ સફેદ આરસ-લાદી પણ શિયાળાની રાતમાં બરફની પ્લેટો જેવી લાગે ! પાણી બરફ જેવું લાગે અને સવારે સ્નાન કરવાનું તો આકરી સજા જેવું લાગે !

કુદરતી ઋતુચક્ર પ્રમાણે શિયાળામાં દિવસ ટૂંકો અને રાત લાંબી થઈ જાય છે, કેટલાક કુંભકર્ણના વંશજો એવું માનતા હોય છે કે જાણે શિયાળાની રાત ભગવાને ઊંઘવા માટે જ લંબાવી છે !

વહેલા સૂવું ને બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું એ દૈવી જીવનશૈલી છે અને મોડા સૂવું ને મોડા ઊઠવું એ આસુરી જીવનશૈલી છે. કેટલાક આઠ વાગ્યે ઊઠે, નવ વાગ્યે ન્હાવું હોય તો ન્હાય નહીંતર પેટ ભરીને ખાય ને પછી દશ વાગ્યે દુકાને જાય !

શિયાળાની સવારની કડકડતી ઠંડીમાં ધાબળા કે ગોદડાં ઓઢીને સૂતેલા માણસને એ ધાબળા સાથે એક

રાતના જ સહવાસમાં તો એટલું બધું હેત થઈ જાય છે કે સૂર્યોદય થાય તોપણ તેને છોડી શકતો નથી!

સાધકની વાત જુદી છે. સૌભરી ઋષિની કથા મુજબ એમણે સાંઈઠ હજાર વર્ષ સુધી પાણીમાં બેસીને તપ કર્યું હતું. શિયાળાની હાડ થીજાવી નાખે એવી ઠંડીમાં પણ ઋષિકેશ અને હરિદ્વારમાં વહેલી સવારે ગંગાજીના બરફીલા પાણીમાં નિત્ય સ્નાન કરતા સાધકો જોવા મળે છે. કોઈ કોઈ સાધકો તો વહેલી સવારે ગંગાતટે આસન જમાવી કલાકો સુધી ધ્યાન કરતા હોય છે ત્યારે આવા સાધકોને વારંવાર વંદન કરવાનું મન થાય!

આ માત્ર સાધકોની જ વાત નથી, સિયાચીન જેવી ભારતદેશની બોર્ડર ઉપર પણ લશ્કરના જવાનો બરફ વચ્ચે આધુનિક રાઈફલો સાથે રાત-દિવસ ખડે પગે ઊભા રહી દેશની સરહદોને રક્ષે છે અને દેશવાસીઓને સલામતી બક્ષે છે. એમને પણ સો સો સલામ!

શું પાણીમાં રહેતા માછલા, મગરા આદિ જળચરોને ઋતુની અસર નહીં થતી હોય ? જો આપણો જન્મ બરફીલા પ્રદેશમાં થયો હોત તો ? અથવા તો પશુ-પક્ષીનો જન્મ મળ્યો હોત તો ? ન છૂટકે ઠંડી સહન કરવી પડત! હિમાલય જેવા બર્ફીલા પ્રદેશોમાં રહેતા લોકો માટે ઠંડી સહન કરવી એ સહેલી વાત છે, પરંતુ ગરમ મેદાની પ્રદેશોમાં વસતા લોકો માટે માઘસ્નાનની કલ્પના પણ શરીર કંપાવે એવી છે!

આપણે આપણી આસપાસ ઠંડીથી ઠરતા પશુ-પંખીઓને અવારનવાર જોયાં છે પણ એ સાધના નથી, એ તો ભાગમાં આવ્યું ને ભોગવવું પડે છે. સાધના તો જાણીજોઈને સહન કરે અને મળે તોય મૂકી દેવા જેવી વાત છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણ કારિયાણીના દસમા વચનામૃતમાં કહે છે કે, 'જે વિવેકી હોય તે તો જાણીને પોતાના દેહ ઇન્દ્રિયોને દમીને તપ કરે છે...તપ કરવું તેતો ભગવાનની પ્રસન્નતાનું કારણ છે...તપ કર્યા વિના જીવ ઉપર ભગવાનનો રાજીપો થાય નહિ, માટે તપે કરીને ભગવાનને રાજી કરવા.'

ઉનાળામાં તો સર્વ કોઈને ઠંડાં પાણીથી સ્નાન કરવાની મજા આવે, પરંતુ શિયાળામાં ઠંડાં પાણીથી અને એ પણ વહેલી સવારે સ્નાન કરવું એ જ મોટી સાધના છે.

વધારે પડતી ઠંડીને લીધે ક્યારેક નદી, તળાવ કે સરોવરનાં નીર ઉપર બરફની આછી પરત જામી જતી હોય છે, એવા ઠંડાબોળ પાણીમાં ન્હાવું એ બહુ મોટી સાધના છે.

નીલકંઠવર્ણીએ વન-વિચરણ દરમ્યાન પુલહાશ્રમમાં ચાર મહિના સુધી તપ કર્યું, ત્યારે તેઓ ગંડકી નદીના બરફીલા પાણીમાં દરરોજ ત્રણ વખત સ્નાન કરતા.

શ્રીજી મહારાજના સમયમાં નંદસંતો શિયાળાની ઋતુમાં ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢથી ચાલીને પ્રાતઃકાળમાં ઘેલાકાંઠે જતા અને ઘેલાનદીના નિર્મળ નીરમાં હરિસ્મરણ સાથે નિત્ય સ્નાન કરતા.

ગુરુકુલ પરંપરાના પુનરોદ્ધારક ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ સ્થાપિત ગુરુકુલોની શાખા-પ્રશાખાઓમાં સંતો-પાર્ષદો અને સેંકડો વિદ્યાર્થીઓ આજે પણ શિયાળાની કડકડતી ઠંડીમાં વહેલા ઊઠી હોંશે હોંશે માઘસ્નાન કરે છે.

માઘસ્નાન શા માટે કરવું ? એનાથી ફાયદો શું ? કમલાકર ભટ્ટજી નિર્ણયસિંધુમાં માઘસ્નાનનો હેતુ દર્શાવતા લખે છે,

दुःखदारिद्र्यनाशाय श्रीविष्णोस्तोषणाय च।

प्रातः स्नानं करोम्यद्य माघे पापविनाशनम्॥

દુઃખનિવૃત્તિ માટે, દરિદ્રતા દૂર કરવા માટે અને ભગવાનની પ્રસન્નતા માટે સર્વપાપનાશક માઘસ્નાન પ્રાતઃકાળે કરવું.

આયુર્વેદની દૃષ્ટિએ શિયાળામાં ઠંડાં પાણીનાં સ્નાનથી શરીરનું સ્વાસ્થ્ય સારું રહે છે અને પ્રાતઃકાલીન સ્નાન સ્ફૂર્તિદાયક પણ નીવડે છે. માઘસ્નાનથી માનસિક હિંમત વધે, શરીર ખડતલ અને મજબૂત બને, ઉપરાંત ખરજવું આદિ ચામડીના રોગો પણ મટે છે.

શારીરિક લાભની દૃષ્ટિએ માઘસ્નાન કરવાથી સાહસિકતા વધે છે, કારણ કે માઘસ્નાન કરવા માટે પણ એક પ્રકારનું સાહસ જોઈએ. આ કોઈ એક-બે દિ' ની વાત નથી, આ તો વહેલા ઊઠીને ટાઢા પાણીમાં દરરોજ ડૂબકી મારવાની વાત છે!

માઘસ્નાન એ હિંમતવાળા અને શૂરવીર સાધકોનું કામ છે, કાચા-પોચા કે દેહરખાનું નહીં, પણ દરેક સાધના વિવેકથી આદરેલી હોય તો જ લાભદાયી નીવડે છે. માઘસ્નાન આત્માના તેજને વધારનારું છે.

શરીરનાં સ્વાસ્થ્ય માટે કે શરીરને સશક્ત બનાવવા માટે ઠંડાં પાણીથી સ્નાન કરવું એ સારી વાત છે. જાપાન જેવા દેશોમાં પણ ભર શિયાળે બરફીલા પાણીમાં ડૂબકી મારવાની પરંપરા જોવા મળે છે, પરંતુ આત્મકલ્યાણ માટે

કરેલી સાધના મોક્ષદાયી બની જાય છે અને એથી વિશેષ પ્રભુપ્રસન્નતા માટે કરેલી સાધના તો નિષ્કામ ભક્તને પ્રભુના રાજીપાનું પાત્ર બનાવી દે છે.

સદ્‌ગુરુ શતાનંદમુનિ વિરચિત શ્રીમદ્ સત્સંગિજીવનમાં સ્વયં ભગવાન શ્રીહરિ સદ્‌ગુરુ શુકાનંદ સ્વામીને માઘસ્નાનનો મહિમા સમજાવતા કહે છે,

तन्नास्ति पातकं लोके यन्न स्नानाद्विनश्यति ।

मासोपवासादधिकं माघस्नानं मुने ! ध्रुवम् ॥ ४-१८-२१॥

હે શુકમુનિ ! કોઈ સાધક આખો મહિનો નિરાહાર રહીને માસોપવાસ કરે એ કરતા પણ માઘસ્નાન અધિક છે. કોઈ એવું પાપ નથી જે માઘસ્નાનથી નાશ ન પામે. માઘસ્નાન જાણ્યે-અજાણ્યે થયેલા નાના-મોટા સર્વ પાપોને અચૂક ધોઈ નાખે છે અને સાધકને પરમ શુદ્ધ કરી દે છે. એટલું જ નહીં, નદી કે સરોવરમાં માઘસ્નાન કર્યા પછી ભીનાં વસ્ત્રે જ ભજન કરતાં-કરતાં ઘર સુધી ચાલીને આવનારને પગલે-પગલે અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.

माघेनिमग्नाः सलिलेसुशीते विमुक्तपापास्त्रिदिवं प्रयान्ति ।

શાસ્ત્રો કહે છે, 'માઘમાસમાં શીતળ જળમાં સ્નાન કરનારને સર્વ પાપોમાંથી મુક્તિ મળે છે અને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.'

मासपर्यन्तस्नानासम्भवे तु त्रयहमेकाहं वा स्नायात् ।

'જે આખો મહિનો ઠંડાં પાણીથી સ્નાન કરવા સક્ષમ ન હોય એણે ત્રણ દિવસ કે એક દિવસ પણ માઘસ્નાન અવશ્ય કરવું.'

માઘ મહિનાની પ્રત્યેક તિથિને પર્વ માનવામાં આવે છે. માઘમાસમાં સ્નાનની સાથોસાથ તિલ, ગોળ અને ગરીબોને કંબલના દાનનું પણ વિશેષ પુણ્ય માનવામાં આવે છે.

પદ્મપુરાણના ઉત્તરખંડમાં મહર્ષિ વેદવ્યાસજીએ લખ્યું છે કે, અન્ય મહિનાઓમાં કરેલ જપ, તપ કે દાનથી ભગવાન પ્રસન્ન થાય એ કરતાં પણ માઘ માસમાં કરેલ માઘસ્નાનથી પ્રભુ અધિક પ્રસન્ન થાય છે.

શાસ્ત્રોમાં ત્રણ પ્રકારનું માઘસ્નાન કહ્યું છે : ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. બ્રાહ્મમુહૂર્તમાં આકાશમાં હજુ તારલિયાઓનાં દર્શન થતાં હોય એવા સમયમાં સમુદ્ર, નદી કે સરોવરમાં કરવામાં આવતું સ્નાન ઉત્તમ છે. તારાદર્શન ન થતાં હોય અને મોંસૂઝણું અજવાળું થયું હોય એવા સમયે કરવામાં આવતું માઘસ્નાન મધ્યમ ગણાય અને સૂર્યોદય સમયે કરેલું માઘસ્નાન કનિષ્ઠ માનવામાં આવે છે.

દર ચાર વર્ષે પવિત્ર તીર્થસ્થાનોમાં યોજાતા કુંભમેળામાં ગંગાજી જેવી પવિત્ર નદીમાં કરેલું માઘસ્નાન પણ વિશેષ ફળદાયી છે.

સમુદ્ર, નદી કે સરોવરનાં જળની સાનુકૂળતા ન હોય તો કૂપજળથી કરેલું માઘસ્નાન પણ ઉત્તમ છે. શિયાળાની કડકડતી ઠંડીમાં કૂપજળ તો હૂંફાળાં હોય, પણ આજના સંદર્ભમાં માટલાનાં ઠંડાં જળથી કરેલું માઘસ્નાન પણ શ્રેષ્ઠ ગણાય.

શુદ્ધ જળનાં માટલાં ભરીને મૂક્યાં હોય, ઉપર ખૂલ્લું આકાશ હોય, ખૂલ્લામાં મૂકેલા પાણીનાં માટલાં ટાઢા હિમ જેવો પવન અને ઠંડીથી આખી રાત ઠર્યા હોય, સવાર થતાં થતાં તો માટલાનું પાણી બરફ જેવું ટાઢુંબોળ થઈ ગયું હોય અને એવા બરફીલા પાણીથી ગુરુકુલના સંતો અને વિદ્યાર્થીઓ વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં સ્નાન કરે, ઉપરાંત કેટલાક શૂરવીર સંતો-વિદ્યાર્થીઓ તો સ્નાન કર્યા પછી પણ ભીના વસ્ત્રે જ ભગવાનને દંડવત્-પ્રદક્ષિણા કરે ! માઘસ્નાનનું આ અકલ્પનીય દૃશ્ય જોનારને શરીરમાં કંપારી છૂટી જાય !

ગુજરાતી સાહિત્યના મુર્ધન્ય સાહિત્યકાર આદરણીયશ્રી રઘુવીરભાઈ ચૌધરી તા. ૧૩-૨-૨૦૧૫ ના રોજ SGVP ગુરુકુલની મુલાકાતે આવેલા. શિયાળાનો સમય હતો અને માઘ મહિનાના દિવસો હતા. ગુરુવર્ય પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામી સાથે એમણે જ્યારે દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયની મુલાકાત લીધી અને પ્રાંગણમાં ગોઠવેલા પાણીનાં માટલાં જોયાં અને પૂજ્ય સ્વામીજીના મુખેથી માઘસ્નાનની વાત સાંભળી ત્યારે એમણે કહેલું કે, 'સાધના દ્વારા કેળવાયેલું શરીર સંવેદના અને બુદ્ધિને સતેજ કરે, નમી શકે એવું વિનમ્ર બનાવે, અહીંના અધ્યાપકો અને છાત્રોની તેજસ્વિતાની ઝલક પામ્યા પછી પ્રાંગણના બાગમાં ગોઠવાયેલાં માટલાં શોભારૂપ લાગ્યા !'

પરણવાનો વા

- ડૉ. જગદીશ ત્રિવેદી

અત્યારે ચારે બાજુ પરણવાનો વા ઊપડ્યો છે. શિયાળામાં વાતાવરણમાં ઠંડી હોય, પણ લગ્નની બજારમાં ગરમી હોય છે. આ વરસે વર અને કન્યાનો ઉપાડ સારો છે. શો-રૂમમાં ચાલીસેક વરસથી ધૂળ ખાતો જૂની ફેશનનો માલ પણ વેચાઈ ગયો છે. આજે ઉઘડતી બજારે સેકન્ડ-હેન્ડ વર-વહુનો પણ ભાવ સારો નીકળ્યો છે. અમારે કનુકાકાનો મોટકો તો પહેલાં લગ્ન વખતે પહેર્યો હતો એ જ જૂનો સૂટ પહેરીને નવી વહુ લઈ આવ્યો છે. માર્ચ મહિનામાં ગુજરાતમાં સુનામીનાં મોજાં આવવાનાં હોય અને એ પહેલાં લગ્નનો લહાવો લઈ લેવાનો હોય એમ લગ્નગાળો હાડાહાડ થયો છે અને શહીદ થવાની જે મજા શિયાળામાં છે તે ઉનાળામાં નથી.

એક તો લખલખું આવી જાય એવી ટાઢ પડતી હોય, એમાં પાછો પવન નીકળે, એટલે સુવાવડી સ્ત્રીનું શરીર જેમ જામો લઈ જાય એમ ઠંડી ચારે બાજુથી જામી જાય. એમાં આઘેઆઘે ક્યાંક બરફ પડે પછી લગ્નના જમણ વખતે પાણીમાં બરફ નાખવાની જરૂરી નહીં. લગ્નમાં ઘરધણી કેવો હેરાન થાય છે એ જોવા જેટલા મહેમાન આવ્યા હોય એ બધાને સુનામીગ્રસ્તોની રાહતછાવણીની માફક એક જ રૂમમાં પૂરી દો, પણ શિયાળો હોય તો પ્રેમથી પડ્યા રહે. ભરવાડના વાડામાં બકરાં બાંધ્યાં હોય એમ આજુબાજુમાં બંધાઈ રહે. જો ઉનાળામાં ઉપાડો લીધો હોય તો જ્ઞાતિની વાડી પણ નાની પડે તેમ બધા પહોળા પટે પથરાઈને પડ્યા હોય. જો ઘરધણીને વાડીનો વેંત ન હોય અને ઘરે જફા આદરી હોય, તો મહેમાનોને ઓરડામાં હપતેથી લીધેલો પંખો ફુલ મૂકીને સુવડાવે. ફળિયામાં પાથરે, અગાશીમાં ઢોળે અને અમુકને શેરીમાં વેરી નાખે, છતાં વધે અને ઘરધણી તો રસોડામાં ગેસના બાટલા પાસે મસોતાનું ઓશીકું કરીને પડ્યો હોય.

બીજું, શિયાળામાં પાણીનો બગાડ ઓછો થાય. કડકડતી ઠંડીમાં દાતણ કે બ્રશ કરીને મોઢું ધોવામાં જેટલું પાણી વપરાય છે એટલું નાહવામાં વપરાતું નથી, કારણ કે મોટા ભાગના મહેમાન મોઢું ધોવામાં જ હિંમત હારી જાય છે પછી નાહવાનો વિચાર માંડી વાળે છે. જો ઉનાળામાં લગ્ન રાખો તો શિયાળામાં નાહવામાં વપરાય એટલું પાણી તો મહેમાનો દિશાએ જવામાં વાપરી નાખે.

હવે વિચાર કરીએ જમવાનો. ઝાપટવાની જે મજા શિયાળામાં આવે તે ઉનાળામાં ક્યાંથી આવે ? આખો દિવસ બરફનાં પાણી અને ઠંડાં પીણાં પધરાવીને એવા ધરાઈ ગયા હોય કે શિખંડ કે કેરીના રસની એકાદ વાટકીમાં પેટ ભરાઈ જાય. જ્યારે શિયાળામાં અડદિયાના આઠ બટકાં તો આરામથી આરોગી શકાય. હમણાં એક લગ્નના જમણમાં અંબાલાલ મને કહે, "હવે હું આઠ લાડવા ખાઉં છું ત્યાં મારું મોઢું ભાંગી જાય છે." મેં કીધું : "આઠ લાડવે ન ભાંગે તો પછી ધોકો લઈને ભાંગવું પડે !"

છેલ્લે વાત કરીએ મુસાફરીની. ઘણા તો પાટલૂન નીચે લેંઘો પહેરે. લેંઘા નીચે ચટ્ટાપટ્ટાવાળી ચડ્ડી પહેરે. બુશર્ટ ઉપર સ્વેટર પહેરે અથવા લારીમાંથી વીણીને લીધેલો પચાસ રૂપિયાનો કોટ પહેરે. માથે મફલર બાંધે અથવા વાંદરાટોપી ઠઠાડે. આટલું ઓછું હોય એમ આખા શરીરે ધાબળો ઓઢી જાય. આવો ઘોઘોમોઘો થઈને પાછો માગેલી બીડી ટેકવીને વાત માંડે કે "આ વરસે જોઈ એવી ટાઢ નો પડી !" આપણે કહેવું પડે, "જળકઢા ! ટાઢ તો ટેભા તોડી નાખે એવી પડે છે, પણ તું આખો ડામચિયો વીંટીને નીકળ્યો છે, એટલે તને ટાઢ અડતી નથી." આવી તૈયારી સાથે ભડનો દીકરો લગ્નમાં જાય. સૌ પહેલા કાળા બૉર્ડવાળી બસ ગોતે, ઓછા ભાડામાં ઝાઝાં ગામ ફેરવે એવી. જે ઘરે બધાને આડા આવતા હોય એને ટાઈમની તો કિંમત હોય નહીં ! લોકલ બસમાં ત્રણની સીટમાં બે જ બેઠા હોય તોય છાપાનો પંખો કરીને એકબીજા સામે ડોળા કાઢતા હોય.

જાનની બસમાં પરમીટ ભલે પંચાવનની જ હોય, છતાં પંચોતેર જાનૈયા ચડી બેસે તોપણ શિયાળામાં વાંધો ન આવે. દીકરાના બાપને મનમાં થતું હોય કે જાનમાં સાઠની ગણતરી કરી હતી ને એંસી આવી ભરાણાં છે, પણ એક વાર વેવાઈના માંડવે જઈને બધાંને રમતાં મૂકી દઉં પછી વેવાઈ જાણે ને જાનૈયા જાણે.

બપોરે હજુ પહેરામણી પતી ન હોય ત્યાં તો વરનો બાપ ગામોગામની બસના ટાઈમ બોલવા માંડે. એને મનમાં હોય કે મહેમાન અહીંથી જ પરબારાં નીકળે તો મારે વાળુની વ્યવસ્થા કરવી નહીં. આમ શહીદો માટે શિયાળો શ્રેષ્ઠ છે. પરણેલા માણસો પરણીને પસ્તાવો કરતા હોય છે, પણ એ કુંવારાનું સુખ જોઈને સળગી મરે છે! એટલે કુંવારાઓને ઝટ પોતાની ઓશિયાળી નાતમાં ભેળવવા માગતા હોય છે. શિયાળામાં ઓશિયાળા વધે અને લગ્નમાં જેમનું સગપણ પણ નથી થયું તેવા સૌથી સુખી જુવાનિયાઓ વળી પરણીને જાણે પરમેશ્વર મળી જવાના હોય એમ દિવસમાં પાંચ-પાંચ વખત કપડાં બદલીને ભંગાઈ જવા તલપાપડ થાય છે. આ શિયાળામાં શહીદ થયેલા સૌને શુભકામના.

સમાચાર દર્શન

રામમંદિર નિર્માણમાં યોગદાન

ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ સમાન ભગવાન શ્રીરામચંદ્રની પ્રાગટ્યભૂમિ ઉપર વિશાળ રામ મંદિરનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ નિમિત્તે દેશભરમાંથી દાન એકત્ર થઈ રહ્યું છે. ત્યારે **SGVP** ગુરુકુલ પરિવાર દ્વારા એકાવન લાખ રૂપિયાનું દાન અર્પણ કરવામાં આવ્યું છે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી મંદિરની ખાતવિધિમાં ઉપસ્થિત રહ્યા હતા અને પોતાનો સંકલ્પ સર્વ ગુરુકુલ પરિવારજનોને જણાવ્યો હતો. સ્વામીના સંકલ્પને સૌએ વધાવ્યો અને દેશ-વિદેશના ભક્તોએ ખૂબ સારો સહયોગ આપ્યો. એકત્ર થયેલ રકમ રૂપિયા એકાવન લાખનો ચેક મકરસંક્રાતિના પરમપવિત્ર દિવસે પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ મંદિરની કમિટીના સભ્યોને અર્પણ કર્યો હતો.

આ અર્પણવિધિમાં અશોકભાઇ રાવલ (ગુજરાત વિ.હિ.પ.ના મહામંત્રી), અશ્વિનભાઈ પટેલ (વિ.હિ.પ.ના મહામંત્રી,ઉત્તર ગુજરાત), ધીરુભાઈ કપુરિયા (વિ.હિ.પ. ધર્માચાર્ય) નારણભાઈ મેઘાણી (કાર્યકર્તા-સંઘ) રાજેશભાઈ પટેલ, વલ્લભભાઈ બાબરિયા વગેરેઉપસ્થિતરહ્યાહતા.

આ પ્રસંગે અશોકભાઈ રાવલે પ્રથમ **SGVP** ગુરુકુલ તથા પૂજ્ય સ્વામીજીની સેવાની બિરદાવતા જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતના બસો મંદિરોના સાધુ-સંતો રામમંદિર નિર્માણ માટે ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે તેનો અમને ખૂબ જ આનંદ છે. એમાં આજે ગુરુકુલ દ્વારા ખૂબ મોટી પહેલ થઈ રહી છે, જેથી અનેક લોકોને પ્રેરણા મળશે.

પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે, આજે આ અર્પણવિધિમાં ગુજરાત વિશ્વહિન્દુ પરિષદના ટોચના કાર્યકર્તાઓએ હાજર રહીને સેવા સ્વીકારી તેથી અમો સદ્‌ભાગી છીએ. ભગવાનનું છે અને ભગવાને અર્પણ કરવાનું છે. **SGVP** ગુરુકુલની સેવા શ્રીરામલલા સ્વીકારે એ સમગ્ર ગુરુકુલ પરિવારનું સદ્‌ભાગ્ય છે. અમને વિશ્વાસ છે કે ગુજરાતની ધર્મપ્રેમી જનતાએ રામલલાના મંદિર નિર્માણમાં તન, મન અને ધનથી સેવા કરવામાં ક્યારેય પાછી પાની કરી નથી અને કરશે પણ નહીં. અયોધ્યા ખાતે સાકાર થઈ રહેલ રામ મંદિર એટલે રામરાજ્યનું પ્રતિક. ભારતીય સંસ્કૃતિની વિવિધતામાં એકતાનું પ્રતિક, ભારતીય સમાજમાં સમરસતાનું પ્રતિક. વિશેશમાં સૌને જણાવવાનું કે **SGVP** ગુરુકુલ તરફથી જે નિધિ અર્પણ થઈ છે એમાં ગુરુકુલના નાનામાં નાના કર્મચારીઓએ પણ ખૂબ મોટો સહયોગ આપ્યો છે. ભગવાન એ સૌ ઉપર કૃપાદૃષ્ટિ વરસાવે એવી પ્રાર્થના.

ચબકતો ધનુર્માસ

ધનુર્માસ એટલે ભજન-ભક્તિ, દાન-તપ, કથાશ્રવણ જેવી સાધના કરવાનો પવિત્ર મહિનો. મન, બુદ્ધિ, ચિત્તમાં રહેલા દોષોને દૂર કરી દક્ષિણાયનમાંથી ઉત્તરાયણમાં પ્રવેશવાનો સમય એટલે જ ધનુર્માસ. શાસ્ત્રોમાં ધનુર્માસમાં કથાશ્રવણનો, ભજન-ભક્તિ, સેવાનો ખૂબ મહિમા ગવાયો છે ત્યારે ગુરુકુલમાં વર્ષોથી વિશેષ કથાવાર્તા તથા ભજન-ભક્તિના આયોજનો થતા રહે છે.

તારીખ ૧૬ ડિસેમ્બરથી શરૂ થયેલ ધનુર્માસમાં સવાર-સાંજ બે સમય યુવાન સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. નિત્ય પ્રાતઃકાળે **SGVP** માં ઑફીસની સેવા સંભાળી રહેલા શાસ્ત્રી શ્રી ધર્મનંદનદાસજી સ્વામીએ શ્રીમદ્ ભાગવતના માહાત્મ્ય તથા પ્રથમ સ્કંધની કથાનું શ્રવણ કરાવ્યું હતું. તેમજ સાયંકાળે શાસ્ત્રી ભક્તિવેદાંત સ્વામી, શાસ્ત્રી દર્શનપ્રિય સ્વામી, શાસ્ત્રી કુંજવિહારી સ્વામી, શાસ્ત્રી નિરંજન સ્વામી, શાસ્ત્રી મુનિવત્સલ સ્વામી, શાસ્ત્રી શ્રુતિવલ્લભ સ્વામી વગેરે સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. બન્ને સમયની કથાનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તોએ ઘરે બેઠા કથાશ્રવણનો લાભ લીધો હતો.

શેરડી ઉત્સવ : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે ધનુર્માસ દરમિયાન મોક્ષદા એકાદશીના પવિત્ર દિવસે શ્રીઘનશ્યામ મહારાજને શેરડી તથા બોરનો ફલકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેમાં પાંચ હજાર કિલો ઉપરાંત શેરડી તથા બોર ઠાકોરજીને ધરવામાં આવ્યા હતા. કેવળ શેરડી તથા બોરના ફલકૂટના સૌપ્રથમવાર દર્શન કરી સૌ ભક્તોને ખૂબ આનંદ થયો હતો. ઠાકોરજીને ધરાવેલ શેરડી તથા બોરના પ્રસાદનું વિતરણ દરિદ્રનારાયણને કરવામાં આવ્યું હતું. સાથે સાથે ધનુર્માસ

નિમિત્તે મોટી સંખ્યામાં બ્લેન્કેટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

મકરસંક્રાંતિ પર્વ : મકરસંક્રાતિના પવિત્ર દિવસે ધનુર્માસની પૂર્ણાહૂતિ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે ગૌપૂજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઠાકોરજીના થાળનું રસોડું તથા સંતોના ભોજનાલયના નૂતન ભવનની ખાતવિધિ કરવામાં આવી હતી. અમદાવાદ ગુરુકુલના ભવનો લગભગ ચાલીસ વર્ષથી વધારે જૂના છે. જે ખૂબ જર્જરિત થયા છે. એ ભવનોની જગ્યાએ હાલમાં નૂતન ભવનોનાં નિર્માણનું કાર્ય હાથ ધરાયું છે. જેમાં સૌ પ્રથમ સંત-ભોજનાલયના નિર્માણનો પ્રારંભ કરાયો હતો.

પ્રથમ પાટોત્સવ : રીબડા ગુરુકુલ

રીબડા-રાજકોટ ગુરુકુલમાં નૂતન પ્રાર્થના મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજનો પ્રથમ પાટોત્સવ અનેકવિધ આયોજનો સાથે ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ પ્રસંગે નવ દિવસ સુધી ઘનશ્યામ મહારાજના નવ શૃંગારનાં દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શૃંગાર દર્શનમાં સૂવર્ણ આભૂષણનાં શૃંગારદર્શન, શાસ્ત્ર શૃંગાર દર્શન, કાષ્ટકલા શૃંગાર દર્શન, મોતી-ભરત ગૂંથણ શૃંગાર દર્શન, વનસ્પતિ શૃંગાર દર્શન, ડ્રાયફ્રુટ શૃંગાર દર્શન, પુષ્પ શૃંગાર દર્શન, ફળફુટ શૃંગાર દર્શન અને અન્નકૂટ શૃંગાર દર્શનનો સમાવેશ થતો હતો. આ અનોખા આયોજનમાં ભક્તજનો ખૂબ હોંશથી જોડાયા હતા અને પોતાની ભક્તિ-સેવાનું સમર્પણ કર્યું હતું.

સાથે સાથે આ પ્રસંગે તા.૨૪ થી ૨૬ ડીસેમ્બર દરમ્યાન પરમ પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં ત્રિદિવસીય શ્રીમદ્ ભગવદ્ગીતા વખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય સ્વામીજીએ ગીતાનો કર્મયોગ, જ્ઞાનયોગ અને ભક્તિયોગ વિશે પોતાની વિદ્વત્તાભરી શૈલીમાં વ્યાખ્યાનો આપ્યા હતા. તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ભક્તજનોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

ગીતાજયંતીના પવિત્ર દિવસે શ્રીઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે વિવિધ તીર્થોનાં તીર્થજળ, ઔષધિજળ, ધાન્યજળ, ફળોના રસ વગેરે દ્વારા શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. ઉત્સવના અંતિમ દિવસે રાજકોટ તેમજ આજુબાજુના ગામો ગુંદાસર, રીબ, પીપળિયા, ખાંભા, માખાવડ, મવડી, વાવડી, ઢોલરા વગેરે ગામોના બહેનોએ પવિત્રપણે બનાવી લાવેલ ૧૫૧ વાનગીઓનોઅન્નકૂટ ધરાવ્યો હતો.

પાટોત્સવની સાથે સાથે પ્રતિષ્ઠા શાંતિ યજ્ઞ, ગીતાપૂજન તથા પારાયણ, ગોપૂજન, નિરાધાર ગાયોને મેડીકલ સહાય, શ્રીઘનશ્યામ મહારાજનું રાજોપચાર પૂજન, દરિદ્રનારાયણને મિઠાઈ તથા ફળ વિતરણ, આંખ અને દાંતની તપાસ માટે ફ્રી મેડીકલ કેમ્પ જેવા અનેક આયોજનો થયા હતા.

ઉત્સવના અંતિમ સોપાનમાં શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ ચુડાસમાં દર્શને પધાર્યા હતા. જ્યાં તેઓના હસ્તે દરદ્રનારાયણને બ્લેન્કેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આમ સમગ્ર ઉત્સવના તમામ આયોજનો શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામીની દેખરેખ નીચે કરવામાં આવ્યા હતા.

શ્રદ્ધાસુમન

આ.નિ. પ.ભ. ગોવિંદભાઈ અરજણભાઈ ભુડિયા :- ગામ માધાપર તથા હાલ લંડન નિવાસી પ.ભ. શ્રી ગોવિંદભાઈ ભુડિયા ૯૦ વર્ષની ઉંમરે ૧ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. ગોવિંદભાઈ એટલે લંડન ખાતેનું ગુરુકુલનું કેન્દ્ર. એમણે ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજનો અત્યંત રાજીપો પ્રાપ્ત કર્યો હતો. ગુરુદેવ સાથે અમેરિકા, બ્રિટનની વિદેશ યાત્રાઓમાં સાથે રહીં ખૂબ સેવાઓ કરી હતી. ગુરુકુલ, ગુરુદેવ તથા ગુરુકુલના સંતો એમના માટે સર્વસ્વ હતા. જીવનના અંતિમ સ્વાસ સુધી મહારાજ તથા સંતોને સંભારી રાખ્યા હતા. ગુરુકુલની સેવાપ્રવૃત્તિઓ તથા ગુરુકુલનું ભજન-ભક્તિમય વાતાવરણ એમને ખૂબ ગમતું. આવા અત્યંત નિષ્ઠાવંત સેવકની વિદાયથી સમસ્ત ગુરુકુલ પરિવાર શોકની લાગણી અનુભવે છે. એમનું સમર્પણ ગુરુકુલના અતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું રહેશે. ભગવાન શ્રીહરિ આવા એકાંતિક ભક્ત ગોવિંદભાઈને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો ધનજીભાઈ, સુરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેશરાણી :- માનકુવા નિવાસી તથા સમાજ સેવક પ.ભ. શ્રી પ્રેમજીભાઈ કેશરાણી ૫૬ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. પ્રેમજીભાઈ એટલે માનવ સેવાનું હાલતુ-ચાલતું કેન્દ્ર. કેટલીય સામાજિક સેવા કરનારી સંસ્થાઓ સાથે જોડાઈને પ્રેમજીભાઈએ જીવનપર્યંત સમાજ સેવાઓ કરી. નાના બાળકોથી માંડી વૃદ્ધો સુધીની લોકોને ખૂબ સહકાર આપ્યો. સાથે સાથે ભગવાન શ્રીહરિ તથા સંતોમાં પણ અપાર હેત ધરાવતા હતા. પ્રેમજીભાઈની અચાનક વિદાયથી સારાએ સમાજને ખૂબ મોટી ખોટ પડી છે. પ્રેમજીભાઈના પવિત્ર આત્માને ભગવાન પોતાના સાંનિધ્યનું અચળ સુખ અર્પે તથા સર્વ પરિવારને શ્રીહરિ ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ. ભ. શ્રી ધીરૂભાઈ ભગવાનભાઈ વઘાસિયા :- ગામ મેડી નિવાસી શ્રી ધીરૂભાઈ વઘાસિયા ૨૪ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન તથા સંતોમાં અતિ આત્મબુદ્ધિ ધરાવતા ધીરૂભાઈનું જીવન ભજનપરાયણ હતું. ભગવાન શ્રીહરિ ધીરૂભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો પ્રફુલભાઈ, અતુલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ. ભ. શ્રી હરજીભાઈ દેવશીભાઈ વેકરિયા :- યુગાન્ડા-કંપાલા નિવાસી તથા ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા હરજીભાઈ વેકરિયા ૧૩ ડિસેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવારની વર્ષોથી ગુરુકુલમાં ખૂબ સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ હરજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્ર જયેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી ભગવાનભાઈ સવજીભાઈ ભાલાળા :- ગામ કાકીડીમોલી, હાલ સુરત નિવાસી તથા ગુરુકુલ સાથે જોડાયેલા પરિવારના ભગવાનભાઈ ભાલાળા ૨૬ ડીસેમ્બરના રોજ હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ભગવાનભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા બાબુભાઈ, હિંમતભાઈ હસમુખભાઈ, જયંતીભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. પ.ભ. શ્રી હરિદાસ નારણભાઈ કાનાબાર :- માળિયા હાટીના નિવાસી તથા અખબાર ક્ષેત્રે વર્ષો સુધી કાર્ય કરનારા શ્રી હરિદાસભાઈ ૧૦૦ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. હરિદાસભાઈનો પરિવાર વર્ષોથી સત્સંગ સાથે જોડાયેલો છે અને ખૂબ સારી સેવા કરી રહ્યો છે. ભગવાન શ્રીહરિ હરિદાસભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કાંતાબેન નાગરભાઈ પટેલ :- હીરાપુરા નિવાસી તથા ગુરુકુલના સેવક પરિવારના માતુશ્રી કાંતાબેન પટેલ શ્રીહરિનું ભજન કરતા થકા ૧૧ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ કાંતાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો ભુદરભાઈ, રસિકભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી મંજુલાબેન ભીખુભાઈ સાવલિયા :- ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલા અને સમર્પિત પરિવારના માતુશ્રી મંજુલાબેન શ્રીહરિનું સ્મરણ કરતા થકા ૪ જાન્યુઆરીના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ મંજુલાબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા ભીખુભાઈ, સુપુત્રો બિપીનભાઈ, નરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

છારોડી ગુરુકુલ

અ.નિ. શ્રી જ્યોતિબેન કાંતિભાઈ વ્યાસ
હ. રાજેશભાઈ જોષી, ગોરેગાઁવ-મૂંબઈ
પ.ભ. શ્રી ભાવેનભાઈ પ્રકાશભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી મનસુખભાઈ દૂધાત, અમદાવાદ
પ.ભ. શ્રી મણીલાલ કાનજીભાઈ પટેલ, વિસતપુરા
અ.નિ. શ્રી પ્રેમીલાબેન માવજીભાઈ પટેલ,
હ. હસમુખભાઈ, અમદાવાદ
કુ. શ્રી ઋત્વા કરનભાઈ માલવીયા, મેંદપરા
પ.ભ. શ્રી પ્રેમચંદભાઈ વીરજીભાઈ પટેલ, SGVP
શ્રીમતી રમાબેન અનંતરાય શાહ

આગામી આયોજન

તા. ૦૮/૦૨/૨૧, સોમવાર : **ષડ્તિલા એકાદશી**
તા. ૧૬/૦૨/૨૧, મંગળવાર : **વસંત પંચમી :** શિક્ષાપત્રી જયંતી, શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ પાટોત્સવ, SGVP
તા. ૨૧/૦૨/૨૧, રવિવાર : **શ્રીહરી જયંતી**
તા. ૨૩//૦૨/૨૧, મંગળવાર : **જયા એકાદશી**



શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રીબડા-રાજકોટ ખાતે શ્રીઘનશ્યામ મહારાજના પ્રથમ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે યોજાયેલ જળયાત્રા, અભિષેક, અન્નકૂટ, ફલકૂટ, રાજોપચાર પૂજન, યજ્ઞ વગેરેનાં દર્શન

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2019-2021
Valid Upto 31-12-2021 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/HQ/92/2019-2021 valid upto 31-12-2021. Date of Publication is 25th of every month.

અયોધ્યા ખાતે નિર્માણાધીન નૂતન શ્રીરામ મંદિરના નિર્માણમાં મકરસંક્રાતિના પવિત્ર દિવસે SGVP ગુરુકુલ પરિવાર તરફથી એકાવન લાખ રૂપિયાનું યોગદાન આપતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા ઉપસ્થિત વિ.હિ.પ.ના કાર્યકર્તાઓ.

અમદાવાદ ગુરુકુલ ખાતે સફલા એકાદશીના પવિત્ર દિવસે શ્રીઘનશ્યામ મહારાજને ધરાવાયો પાંચ હજાર કિલો શેરડી તથા બોરનો ફલકૂટ. આ ફલકૂટનો પ્રસાદ દરિદ્રનારાયણને વહેંચવામાં આવ્યો હતો.

If undelivered Please Return to:

Shree Swaminarayan Gurukul

Gurukul Road, Memnagar,

Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat

છૂટક અંક રૂ. ૫/- પંચવાર્ષિક લવાજમ રૂ. ૨૫૦/-